# માનનીય અર્જુનસિંહ ચૌહાણસાહેબની સ્પીચ

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સન્માનનીય ગૃહમાં મને પૂરક માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેવાની તક મળી છે ત્યારે હું આ ગૃહ પ્રત્યે મારી આભારની લાગણી પ્રગટ કરી મારી વાત ગૃહ સમક્ષ રાખી રહ્યો છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ઉદ્યોગ વિષય પર મને જ્યારે બોલવાનો અવસર મળ્યો છે ત્યારે, મારે કહેવું છે કે કોઈપણ રાષ્ટ્ર માટે  ઉદ્યોગો ધોરી નસ સમાન હોય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ઉદ્યોગોના વિકાસ માટે સૌથી મોટું અને આવશ્યક પરિબળ જો કોઇ હોય, તો એ છે સ્થિર સરકારનું હોવું. સ્થિર સરકાર જ સ્થિર નીતિઓ આપી શકે છે. વળી આવી નીતિઓ સાથેની સ્થિરતા હોય તો વિશ્વાસનું વાતાવરણ પેદા થાય છે. જેથી મોટાં ઉદ્યોગગૃહોને પોતાના ઉદ્યોગો સ્થાપિત કરવામાં અનુકૂળતા રહે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મને કહેતા આનંદ થાય છે કે, કેન્દ્રમાં છેલ્લા દસકાથી આદરણીય નરેન્દ્ર મોદીસાહેબના વડપણ હેઠળ સ્થિર અને મજબૂત સરકાર છે. ઉદ્યોગો માટે ભારત સરકારની નીતિઓ ખૂબ જ સ્પષ્ટ, નક્કર અને ઇન્ડસ્ટ્રીઝ ફ્રેન્ડલી છે. પરિણામ સ્વરૂપ આજે દુનિયાભરના ઉદ્યોગગૃહોએ ભારતમાં પોતાના ઉદ્યોગ સ્થાપિત કરવા રીતસર દોડ મૂકી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

દેશના વિકાસનું ભવ્ય વિઝન જોવા માટે તથા એને સાકાર કરી, વિશ્વની ત્રીજી આર્થિક મહાસત્તા બનાવવા માટેના ભારત સરકારના પ્રયાસો માટે હું આદરણીય વડાપ્રધાનને ગુજરાતની પ્રજા વતી હાર્દિક અભિનંદન પાઠવું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મોદીસાહેબના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં ગુજરાતે વિકાસની જે દોડ લગાવી હતી, એ આજે પણ અવિરત ચાલું છે. એમણે શરુ કરેલી વાઈબ્રન્ટ સમિટ આજે બે દસકા પછી ગુજરાતના વિકાસની પરંપરાની આગવી ઓળખ બની ગઈ છે. વાઈબ્રન્ટ સમિટથી ગુજરાતમાં લાખો કરોડો રૂપિયાના રોકાણ થતાં ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બની શક્યું છે. જેનો સંપૂર્ણ શ્રેય આદરણીય નરેન્દ્ર મોદીસાહેબને જાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાતમાં પણ છેલ્લા ત્રણ દાયકાઓથી સ્થિર અને મજબૂત સરકાર હોવાથી ઉદ્યોગોને અનુકુળ વાતાવરણ નિર્માણ પામ્યું છે. સ્થિરતા, મક્કમતા અને સ્પષ્ટ ઉદ્યોગનીતિના કારણે ગુજરાત રાજ્ય, કોઈ દેશ વિકાસ કરતો હોય, એ રીતે વિકસી રહ્યું છે. ગુજરાતનાં વિકાસની આ બાગડોર આજે મક્કમ અને કર્મઠ મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્ર ભાઈ પટેલ સાહેબના હાથમાં છે ત્યારે, એમના વિઝનથી ગુજરાત જે ગતિથી વિકસી રહ્યું છે, એ માટે હું આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબને હાર્દિક અભિનંદન પાઠવું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાતમાં ગિફ્ટ સિટી નિર્માણ થતાં દુનિયાની મલ્ટીનેશનલ કંપનીઓની ઓફિસો ગુજરાતમાં આવીને કાર્યરત થઈ છે. ધોલેરા વિશ્વના મોટા ઔદ્યોગિક હબ તરીકે અત્યારે વિકસી રહ્યું છે. આપણે ત્યાં સેમીકન્ડક્ટર બનાવવાનો માર્ગ મોકળો થતાં હવે અહીં સેમીકન્ડક્ટર નું ઉત્પાદન શરુ થશે. વિમાન ઉત્પાદન એકમ શરૂ થતાં ગુજરાતમાં વિકાસ અને રોજગારની નવી તકોનું નિર્માણ થશે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આત્મનિર્ભર ભારત અને મેક ઈન ઈન્ડિયાના કોન્સેપ્ટથી આજે આપણે સૌ વાકેફ છીએ. રાજ્યમાં નવા સેંકડો સ્ટાર્ટ અપ થઈ રહ્યાં છે.

લઘુ, મધ્યમ અને મોટાં ઉદ્યોગોથી ગુજરાત ધમધમી રહ્યુ છે. ટુરિઝમ ઉદ્યોગ, ફાર્મા ઉદ્યોગ, મેડિકલ ઉદ્યોગ, કૃષિ આધારિત ઉદ્યોગોને લીધે ગુજરાત બધા જ ક્ષેત્રે વિકસી રહ્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ બજેટમાં ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે 9228 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. એડવાન્સ મેન્યુફેકચરીંગ, ડિજિટલ ટેકનોલોજી, ગ્રીન હાઇડ્રોજન, ડેરીવેટિવ્ઝ,, ન્યુએજ ઇન્ડસ્ટ્રીઝ જેવા ઉદ્યોગો માટે પણ વિશાળ સંભાવનાઓ અને તકો ઊભી થવાની છે. ટેકસટાઇલ નીતિ હેઠળ આ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે 1600 કરોડની ફાળવણી કરવામાં આવી છે. મોટાં કદના ઉદ્યોગો માટે રૂપિયા 1145 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સ્ટાર્ટઅપ પ્રવૃત્તિઓ માટે 120 કરોડની ફાળવણી કરવામાં આવી છે. ઔદ્યોગિક વસાહતોની માળખાકીય સુવિધાઓ માટે 440 કરોડ ફાળવવામાં આવ્યાં છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

કુટિર અને ગ્રામોદ્યોગ માટે પણ 315 કરોડ જેવી રકમ ફાળવવામાં આવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ઉદ્યોગોના કારણે ગુજરાતમાં રોજગારની વિપુલ તકો ઊભી થઈ છે. જે આપણા સૌ માટે ગર્વની બાબત છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

પૂરક માંગણીઓ પરની ચર્ચામાં ઉદ્યોગ ક્ષેત્રની માંગણીઓ અને જોગવાઈને આવકારી એને હું મારું સમર્થન જાહેર કરું છું.

**જય જય ગરવી ગુજરાત**